C.C.NO.24613 -2020

## આંક – ૧ હેઠળ હુકમ

આ કામના આરોપી વિરુધ્ધ ત.ક.અધિકારીએ તપાસના અંતે એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબના ગુના સબબની ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપીને સમન્સ કાઢતા, તે સમન્સ તેઓને બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, આરોપી એ તે પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ, આરોપીની ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેણે સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. તેણે અલગથી ગુનો કબુલ કરતી કબુલાત કરતી પોતાની સહી કરી પુરસીસ પણ રજુ કરેલ છે.

આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઇ તે નોંધી પરંતુ, આરોપી ની સદરહું કબુલાત તેમના વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આરોપીએ તેઓ ગરીબ વર્ગના બાળ બચ્ચાવાળા માણસો છે તેથી તેઓની ઉપર રહેમ રાખવા અરજ કરેલ છે. તથા કોવીડ–૧૯ ના સંજોગો ધ્યાને લઈ ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઇ, આરોપી ની આ કબુલાત સ્વીકારવામાં આવે છે અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. પરંતુ, આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને તથા સંજોગોને ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ નટવરચંદ્ર ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપી ને રૂ.૧૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા)ના દંડની સજા ફરમાવું છું અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન –૦૭ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

તેમજ મુદ્ધામાલ વાહન મો.સા. અંગે અગાઉ વચગાળાનો થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે. જો વચગાળાનો હુકમ થયેલ ના હોય તો મુદૃામાલ વાહન મો.સા. ના અસલ માલીકીની ખરાઈ કરી પરત સોંપવો.

હુકમ આજરોજ તા.૧૦, માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૦–૦૭–૨૦૨૧
***વડોદરા.***

**( પરવેઝહુસેન સાબીરહુસેન સિન્ધી )**
***જ્યુડી. મેજી. ફ.ક.,બીજી કોર્ટ,***
**વડોદરા.**
*કોડ નં. જી. જે. ૦૦૯૮૨*